## કોમોડિટી વાયદાઓમાં રૂા.૯૦૯૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂા.૫૧,૬૫૮ કરોડનું ટર્નઓવર

# સોના-ચાંદીના ભાવમાં સામસામા રાહ, જ્યારે ક્રૂડ તેલ રૂા.૮૩ વધ્યું



મુંબઈ, તા.૭

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં રૂ.૬૦,૭૫૫.૨૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૦૯૩.૪૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૧૬૫૮.૪૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯,૪૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૪૪૦ અને નીચામાં રૂ.૬૮,૭૪૦ ના મથાળે અથડાઈ, રૂ.૧૩૮ વધી રૂ.૬૯,૧૦૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૨ વધી રૂ.૫૫,૮૪૫ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૬,૮૨૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩ વધી રૂ.૬૮,૮૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૯,૩૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૯,૮૯૭ અને નીચામાં રૂ.૭૮,૯૨૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૦ ઘટી રૂ.૭૯,૫૮૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૬ ઘટી રૂ.૭૯,૬૬૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૭ ઘટી રૂ.૭૯,૬૬૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૭૯ના ભાવે ખૂલી, રૂ.૭.૧૦ ઘટી રૂ.૭૭૫.૪૦ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૧૧.૭૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૪૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨ ઘટી રૂ.૨૧૨.૭૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૩.૨૦ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૫૦ ઘટી રૂ.૨૪૬.૧૦ બોલાઈ રહ્યો હતો.

**મેન્થા તેલના વાયદામાં નરમાઈ : નેચરલ ગેસમાં સુધારો : બુલડેક્સ વાયદામાં રૂા.૩.૨૭ કરોડનાં કામકાજ**

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૧૬૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૭૦ અને નીચામાં રૂ.૬,૧૪૩ ના મથાળે અથડાઈ, રૂ.૮૩ વધી રૂ.૬,૨૬૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૮૧ વધી રૂ.૬,૨૬૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૨ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૧૭૩.૪૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૩.૧ વધી ૧૭૩.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૪૦ ઘટી રૂ.૯૮૯.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૬૫.૫૧ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૫૮૩.૧૪ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૬૬.૩૧ કરોડનાં ૨૦,૭૭૬ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૫૦.૨૭ કરોડનાં ૫૫,૧૨૧ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૦૯.૪૮ કરોડનાં ૧,૯૮૪ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૩.૯૩ કરોડનાં ૮૫૪ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૧,૧૦૨.૬૦ કરોડનાં ૫,૬૮૬ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૨૩.૬૬ કરોડનાં ૫,૦૬૯ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલ વાયદામાં રૂ.૨૬.૭૭ કરોડનાં ૭૩૫ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩.૨૭ કરોડનાં ૩૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૧૩૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૭,૨૦૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૭,૨૭૭ અને નીચામાં ૧૭,૨૦૦ બોલાઈ, ૭૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૭ પોઈન્ટ ઘટી ૧૭,૨૭૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૫૧૬૫૮.૪૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૧.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭૪.૭૦ અને નીચામાં રૂ.૧૨૪.૪૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૨.૯૦ વધી રૂ.૧૭૩.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૧૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૪૦ અને નીચામાં રૂ.૧૦.૨૦ રહી, અંતે રૂ.૧.૬૦ વધી રૂ.૧૨ થયો હતો.

## ભાડાનું ઘર શોધવું ખૂબ મુશ્કેલ કામ

# શહેરોમાં કામ કરતાં મજૂરોને ભાડે સસ્તાં ઘર પૂરાં પાડવાની જાહેરાત

નવી દિલ્હી, તા.૭

જ્યારે કોઈ બીજા શહેરમાં સ્થળાંતર થાય છે, ત્યારે સૌ પ્રથમ તેમણે રહેવાની વ્યવસ્થા કરવી પડે છે. અને તે માટે તેઓ ભાડાનું ઘર શોધે છે. જો કોઈ નાના શહેરમાંથી મોટા શહેરમાં જાય છે, તો ભાડાનું ઘર શોધવું ખૂબ મુશ્કેલ કામ બની જાય છે. કારણ કે ત્યાં જે ઘરો મળે છે તે ખૂબ મોંઘા હોય છે. અને ખાસ કરીને જે મજૂર વર્ગ છે, જે લોકો કોઈ ફેક્ટરીમાં કામ કરે છે અથવા અન્યત્ર કામ કરે છે. જે લોકો નાના શહેરોમાંથી મોટા શહેરોમાં રોજગારની શોધમાં જાય છે, તેવા લોકો માટે ભાડાનું ઘર લેવું ખૂબ મુશ્કેલ કામ હોય છે. કારણ કે તેમની આવકનો એક મોટો ભાગ તેમાં જતો રહે છે. તેથી જ હવે ભારત સરકાર ફેક્ટરીમાં કામ કરતા મજૂરો અથવા અન્ય શહેરોમાંથી આવેલા અન્ય કામદારોને ભાડે ઘર પૂરું પાડશે. સંપૂર્ણ યોજના શું છે તે ચાલો તમને જણાવીએ.

૨૦૨૪ના બજેટમાં ભારત સરકાર દ્વારા કામદાર મજૂરો જે નાના શહેરો છોડીને મોટા શહેરોની ફેક્ટરીઓમાં કામ કરવા જાય છે, તેમના માટે PPP મોડેલ એટલે કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ ઓછી કિંમતે ભાડાના ઘરો ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૪માં PPP મોડેલ હેઠળ શહેરોમાં કામ કરતા મજૂરોને ભાડે સસ્તા ઘર પૂરા પાડવાની જાહેરાત કરી. આ ઘરો ડોર્મિટરીની જેમ બનાવવામાં આવશે અને તેમાં ખાનગી કંપનીઓની ભાગીદારી હશે. આ ઈમારતોનું નિર્માણ ખાસ કરીને ફેક્ટરી અને જ્યાં કામકાજ થશે ત્યાં કરવામાં આવશે. અને તેનું ભાડું સામાન્ય રીતે જે ભાડું લાગે છે તેના કરતાં ઘણું ઓછું હશે. આનાથી નાના શહેરોમાંથી આવેલા કામદાર મજૂરોને ખરાબ જગ્યાએ રહેવું નહીં પડે. અને તેમને રહેવા માટે વધારે પૈસા પણ આપવા નહીં પડે.

સરકાર દ્વારા જાહેર કરાયેલા બજેટમાં મોટા શહેરોને વિકાસ કેન્દ્ર તરીકે બનાવવા અંગે જાહેરાત કરવામાં આવી છે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે મળીને કામદાર લોકો માટે ઘર બનાવવાનું આયોજન કરશે. સરકાર દ્વારા ૩૦ લાખથી વધુ વસ્તી ધરાવતા કુલ ૧૪ શહેરોને આ યોજના હેઠળ નિશાન કરવામાં આવશે. અહીં આ ઈમારતોનું નિર્માણ કરવામાં આવશે.

## બજારમાં રોકાણ કરવાનો યોગ્ય સમય

# વધતી માંગ અને વિકાસને કારણે રહેણાંક મિલકતોની કિંમતોમાં લગભગ ૫૦%નો વધારો



નવી દિલ્હી, તા.૭

જો તમે હજી સુધી ઘર ખરીદ્યું નથી અને ઘર ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તમારે મોટું બજેટ વહન કરવું પડશે કારણ કે પ્રોપર્ટી માર્કેટમાં તેજી પછી, મકાનોની કિંમતોમાં ભારે વધારો થયો છે. કેટલાક શહેરોમાં મધ્યમ વર્ગ માટે ઘર ખરીદવું બજેટની બહાર થઈ ગયું છે. આમાં પણ ભારતના કેટલાક શહેરો મોંઘવારીમાં ટોચ પર છે. જો કે, જે લોકો સારું રોકાણ કરવા અને વધુ સારું વળતર મેળવવા માંગે છે, તેમના માટે પ્રોપર્ટીમાં રોકાણ કરવાનો આ સારો સમય છે.એવું જોવામાં આવે છે કે છેલ્લા ૫ વર્ષમાં દિલ્હી-NCR અને મુંબઈમાં મકાનોની કિંમતમાં જોરદાર વધારો થયો છે. વધતી માંગને કારણે, આ વિસ્તારોમાં રહેણાંક મિલકતોની કિંમતોમાં ૫૦% નો વધારો થયો છે.જાન્યુઆરી-જૂન ૨૦૧૯ દરમિયાન દિલ્હી-NCRમાં રહેણાંક મિલકતોની સરેરાશ કિંમત ૪,૫૬૫ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ હતી, જે ૨૦૨૪માં ૪૯% વધીને ૬,૮૦૦ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ થઈ ગઈ છે. જ્યારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (MMR)માં, ૨૦૧૯માં આ સરેરાશ કિંમત રૂ. ૧૦,૬૧૦ પ્રતિ ચોરસ ફૂટ હતી, જે હવે ૪૮% વધીને રૂ. ૧૫,૬૫૦ પ્રતિ ચોરસ ફૂટ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં, જેમણે કોરોનાના સમય સુધી આ શહેરોમાં મકાનો ખરીદ્યા હતા, તેઓ સુરક્ષિત થઈ ગયા છે. તે લોકોની લાખોની સંપત્તિ કરોડો રૂપિયાની થઈ ગઈ છે.

છેલ્લા 5 વર્ષમાં દિલ્હી-એનસીઆરમાં ઘરની કિંમતોમાં જબરદસ્ત વધારો થયો છે. વધતી માંગ અને વિકાસને કારણે રહેણાંક મિલકતોની કિંમતોમાં લગભગ ૫૦%નો વધારો થયો છે. આ સ્થિતિમાં, બજારમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય હોઈ શકે છે, જે રોકાણકારોને સારું વળતર આપી શકે છે. NCR પ્રદેશમાં રહેણાંકના ભાવમાં થયેલો જંગી વધારો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને બહેતર કનેક્ટિવિટી દ્વારા પ્રેરિત મજબૂત માંગને દર્શાવે છે. આ વલણ ટકાઉ વિકાસ અને રોકાણની તકો માટે પ્રદેશની સંભવિતતા દર્શાવે છે. છેલ્લા પાંચ વર્ષમાં NCR અને સ્સ્ઈમાં ઘરની કિંમતો અને વેચાણની ગતિમાં થયેલો મોટો વધારો સ્પષ્ટપણે દર્શાવે છે કે આ વિસ્તારોમાં ઘરોની માંગ અને બજારની સ્થિતિ મજબૂત છે. NCRમાં ઘરની સરેરાશ કિંમતોમાં ૪૯% અને MMRમાં ૪૮% નો વધારો થયો છે, જે આ પ્રદેશોની વધતી જતી લોકપ્રિયતા અને સંભવિતતાને દર્શાવે છે.

**ઘરોની માંગ અને બજારની સ્થિતિ મજબૂત**

# એક અંદાજ પ્રમાણે ડબ્બા ટ્રેડિંગમાં દરરોજ ૭૦ હજાર કરોડનો કારોબાર

મુંબઈ, તા.૭

સેબીએ રિટેલ રોકાણકારોને ફ્યૂચર એન્ડ ઑપ્શન ટ્રેડિંગના નુકસાનથી બચાવવા માટે સખ્ત પગલાં લીધા છે. જેના માટે ન્યૂનતમ કોન્ટ્રાક્ટ સાઈઝ વેલ્યૂમાં વધારો જેવા ઉપાયો કરવામાં આવ્યા છે. અનેક માર્કેટ નિષ્ણાતો અનુસાર સેબીના આકરા વલણથી ડબ્બા ટ્રેડિંગ વધવાની આશંકા છે. ટૂંકા ગાળાના નફા માટે ટ્રેડર્સ ડબ્બા ટ્રેડિંગ તરફ વળે તેવી શક્યતા છે.

સેબીએ ઈન્ડેક્સ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ માટે મિનિમમ કૉન્ટ્રાક્ટ સાઈઝ વેલ્યૂ વધારીને ૧૫ થી ૨૦ લાખ રૂપિયા કરવાની ભલામણ કરી છે. ૬ મહિના બાદ તેને ૨૦ લાખ રૂપિયાથી ૩૦ લાખ રૂપિયા કરવામાં આવે તેવી શક્યતા છે. વર્તમાનમાં, ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ માટે ન્યૂનતમ કોન્ટ્રાક્ટ સાઈઝ ૫ થી ૧૦ લાખની છે. એસટીટીને અનુક્રમે ૦.૦૨% અને ૦.૧% સુધી વધારવામાં આવ્યો છે. નવા દરો ઑક્ટોબરથી લાગૂ થશે. ૮૫%થી વધુ એફ એન્ડ ઓ રોકાણકારો ખોટ કરે છે-સેબી અનુસાર નાણા વર્ષ ૨૦૨૩-૨૪માં ૯૨.૫૦ લાખ વ્યક્તિઓ અને માલિકીની કંપનીઓએ દ્રજીઈ ઈન્ડેક્સ ડેરિવેટિવ સેગમેન્ટમાં ટ્રેડિંગ કર્યું છે.એફ એન્ડ ઑની પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે સેબીનું આકરું વલણ હવે ચિંતા વધારી રહ્યું છે. તેનાથી એફ એન્ડ ઑ ટ્રેડર્સ માર્કેટમાંથી બહાર થઈ છે.

## સામાન્ય બજેટ ૨૦૨૪માં ટેક્સ સંબંધિત ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરાઈ

# લૉંગ ટર્મ કેપિટલ ગેઇન્સની હાલની સિસ્ટમમાં સુધારો કરવાનો નિર્ણય



**રિયલ એસ્ટેટ સેક્ટરમાં ઈન્ડેક્સેશનના લાભને દૂર કરવાનો મોટો ફેરફાર કરાયો**

નવી દિલ્હી, તા.૭

સામાન્ય બજેટ ૨૦૨૪માં નાણામંત્રી નિર્મલા સીતારમણે ટેક્સ સંબંધિત ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. રિયલ એસ્ટેટ સેક્ટરમાં ઈન્ડેક્સેશનના લાભને દૂર કરવાનો એક મોટો ફેરફાર હતો. તેમજ બજેટમાં લૉંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ૨૦% થી ઘટાડીને ૧૨.૫% કરવામાં આવ્યો હતો. પરંતુ હવે તેમાં સુધારો કરવા વિચારણા ચાલી રહી છે.

ઘર ખરીદનારાઓને મોટી રાહત આપતા, કેન્દ્રની મોદી સરકારે મંગળવારે લૉંગ ટર્મ કેપિટલ ગેઇન્સ (LTCG)ની હાલની સિસ્ટમમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. માહિતી અનુસાર, આ ફેરફાર પછી, કરદાતાઓને ૨૩ જુલાઈ, ૨૦૨૪ પહેલાં હસ્તગત કરેલી મિલકતો પર લિસ્ટિંગ સાથે ૧૨.૫ ટકા (લિસ્ટિંગ વગરની પ્રોપર્ટી પર) અથવા ૨૦ ટકાના ઊંચા દર વચ્ચેનો ટેક્સ પસંદ કરવાની મંજૂરી આપવામાં આવશે. સરકાર આ પ્રસ્તાવ પર વિચાર-મંથન કરી રહી છે, જેનો અમલ ટૂંક સમયમાં થઈ શકે છે. આ સુધારા બાદ કરદાતાઓને સ્થાવર મિલકતો પરના આર્થિક નફા પર ટેક્સમાં રાહત મળશે. આ ફેરફાર ફાઈનાન્સ બિલ ૨૦૨૪માં સુધારા દ્વારા કરવામાં આવ્યો છે. હકીકતમાં, સામાન્ય બજેટ ૨૦૨૪ માં નાણામંત્રી નિર્મલા સીતારમણે ટેક્સ સંબંધિત ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. રિયલ એસ્ટેટ સેક્ટરમાં ઈન્ડેક્સેશનના લાભને દૂર કરવાનો એક મોટો ફેરફાર હતો. તેમજ બજેટમાં લૉંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ૨૦% થી ઘટાડીને ૧૨.૫% કરવામાં આવ્યો હતો. પરંતુ હવે તેમાં સુધારો કરવા વિચારણા ચાલી રહી છે.

બજેટ ૨૦૨૪માં સરકારે પ્રોપર્ટીના વેચાણ પર ટેક્સના નિયમોમાં મોટા ફેરફારની વાત કરી હતી. જે બાદ વિવાદ વધ્યો હતો. સરકારે લૉંગ ટર્મ પ્રોપર્ટી સેલ પર LTCG ટેક્સ ઘટાડીને 12.5 ટકા કર્યો હતો. પરંતુ તેના પર ઉપલબ્ધ ઈન્ડેક્સેશન લાભ પણ દૂર કરવામાં આવ્યો હતો. બાદમાં સરકારે સ્પષ્ટતા કરી છે કે કઈ પ્રોપર્ટી પર ઈન્ડેક્સેશન લાગુ થશે અને કઈ પ્રોપર્ટી પર નહીં? નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટના ભાષણમાં એક સ્ટાન્ડર્ડ લૉંગ ટર્મ કેપિટલ ગેન ટેક્સનું એલાન કર્યુ હતુ. પહેલા ઘણી ફાઈનાન્સિયલ અને નોન ફાઈનાન્સિયલ પ્રોપર્ટીઝ પર અલગ અલગ LTCG રેટ્સ લાગુ પડતા હતા. જેવી રીતે એક વર્ષથી વધારે સમય સુધી રાખેલ શેરને વેચવા પર ન્ઝ્રય્ ટેક્સ લાગે છે. જ્યારે રિયલ એસ્ટેટ અને સોના જેવા નોન ફાઈનાન્શિયલ પ્રોપર્ટીને વેચવા પર ૨૦ ટકા ટેક્સ લગાડવામાં આવે છે. બજેટમાં સરકારે કોઈપણ પ્રકારની પ્રોપર્ટીના વેચાણ પર લૉંગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) ટેક્સમાં ઘટાડો કર્યો હતો. આનો અર્થ એ થયો કે તમે શેર વેચો કે કોઈ પ્રોપર્ટી વેચો, તમારે ૧૨.૫ ટકાનો લૉંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડશે. જો કે, સરકારે પ્રોપર્ટી વેચવા પર મળેલ ઈન્ડેક્સેશન હટાવી દીધું હતું. આ પછી સરકારે કહ્યું કે આ ફેરફાર ટેક્સ સિસ્ટમને સરળ બનાવવા માટે કરવામાં આવ્યો છે.ઈન્ડેક્સેશન સમયાંતરે ફુગાવા માટે મિલકતની ખરીદ કિંમતને સમાયોજિત કરે છે.

# ૧૭ રાજ્યોમાં રજિસ્ટર્ડ ૪૦૦ ચાઇનીઝ કંપનીઓનું રજિસ્ટ્રેશન રદ કરાય તેવી શક્યતા

મુંબઈ, તા.૭

વૈશ્વિક મહાસત્તા બનવા માટે ભારત અમેરિકા અને પશ્ચિમી દેશો સારા સંબંધ રાખીને તાલથી તાલ મિલાવી આગળ વધી રહ્યું છે તો બીજી તરફ દરેક ક્ષેત્રે ભારતના કટ્ટર પ્રતિદ્વંદ્વી ચીનને લપડાવ આપવા પણ કટિબદ્ધ છે. ભારત સરકાર ચીન પર વધુ એક સર્જિકલ સ્ટ્રાઈકની તૈયારી કરી રહ્યું છે. અહેવાલ અનુસાર ભારત ૩ મહિનામાં ૪૦૦ ચીની કંપનીઓની માન્યતા રદ કરી શકે છે. કેન્દ્ર સરકારના નેજા હેઠળનું મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ આગામી ત્રણ માસમાં દેશના ૧૭ રાજ્યોમાં રજિસ્ટર્ડ ૪૦૦ ચાઈનીઝ કંપનીઓનું રજિસ્ટ્રેશન રદ કરી શકે છે. નાણાકીય ગોટાળા-ધાંધલબાજી અને અન્ય કેટલાક કારણોસર મંત્રાલય આ કાર્યવાહી કરી શકે છે.

એક સરકારી અધિકારીએ જણાવ્યું કે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય ૭૦૦ કંપનીઓની તપાસ કરી રહ્યાં છે. તેમાંથી ૬૦૦ ચાઈનીઝ કંપનીઓની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. તેમાંથી ૩૦૦-૪૦૦ કંપનીઓનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવશે. ખંભાતી તાળાની કગાર પર ઉભેલી કંપનીઓમાં લોન એપ, ઓનલાઈન જોબ વગેરે જેવા સેગમેન્ટની જ મોટાભાગની કંપનીઓનો સમાવેશ થાય છે.એમસીએ દેશમાં ચાલતી આ પ્રકારની લોન એપ્લિકેશનની છેલ્લા કેટલાક વર્ષોથી સઘન તપાસ કરી રહ્યું છે. આ એપ થકી લોન આપવા અયોગ્ય માધ્યમોનો ઉપયોગ થઈ રહ્યો છે અને નાણાંકીય નિયમોનું ઉલ્લંઘન કરીને જનતા સાથે છેતરપિંડી થઈ રહી હોવાની અનેક ફરિયાદો મળી છે. તાજેતરના વર્ષોમાં ડિજિટલ લોન એપ્સની વધતી સંખ્યા આરબીઆઈ સહિત સરકારની ચિંતા વધારી રહી છે અને તેમાંની મોટાભાગની એપ ચીની કંપનીઓ સાથે સંકળાયેલી છે. આ કંપનીઓ પર કડક વસૂલાત, ખૂબ ઊંચા વ્યાજદર વસૂલવાનો અને અનૈતિક પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ છે. આ સિવાય ભારતમાંથી ગેરકાયદેસર ફંડ અન્ય દેશોમાં ટ્રાન્સફર કરવાનો પણ આરોપ છે. અનેક કંપનીઓમાં ભારતીય ડાયરેક્ટર છે, જ્યારે બેંક એકાઉન્ટ ચીનથી ઓપરેટ થાય છે.

**શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે**

અમારા **ભારત પેરેન્ટલસ લીમીટેડ કંપની, ૧૪૪-૧૪૬, ગામ હરીપુરા, તા. સાવલી, જરોદ સામલ્યા રોડ, વડોદરા, ગુજરાત-૩૯૧૫૨૦ ના ૫૦૦ શેર (૫) શેર સર્ટીફીકેટ** જેના **શેર સર્ટીફીકેટ નંબર ૧૨૫૪૬ થી ૧૨૫૫૦ છે, અને તેનો ફોલિયો નંબર એમઆર ૦૧૪૧૦ છે તથા ડિસ્ટેન્કટીવ નંબર ૧૨૫૪૯૦૧ થી ૧૨૫૫૪૦૦ છે.** આ ૫૦૦ નંગ શેર સને ૨૦૦૧ માં ભૂકંપ આવવાથી અમારુ મકાન જર્જરિત થઈ ગયેલ તે સમયે આ શેર સર્ટીફીકેટ અમારા ત્યાંથી કચરામાં ક્યાંક ખોવાઈ ગયેલ હશે. જેની જાણ અમોને કંપની ના તા. ૨૬.૦૪.૨૦૨૪ ના ડીવીડન્ડ ઉપર થી જાણ થતા અમોએ **ભારત પેરેન્ટલસ લીમીટેડ કંપનીમાં** ટેલીફોનથી વાતચીત કરતા અમોને જાણ થઈ કે આ શેર હજુ અમારા નામે બોલે છે. જે **મનોજ છોટાલાલ પંચાલ, ૬૧, બારઘરનો ખાંચો, રુપાપરી, દરિયાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ના નામે છે** અને તેમની સુચના અનુસાર અમોએ અમારા નજીકના દરિયાપુર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી જેનો અરજી નંબર ૧૮/૨૦૨૪ છે. અને દરિયાપુર પોલીસ સ્ટેશનમાંથી અમોને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

**તારીખ : ૦૭.૦૮.૨૦૨૪, સ્થળ : અમદાવાદ**

**On line Tender Notice No. 02 of 2024-2025**

**On line Tender Notice No. 02 of 2024-2025 {PMGSY}**

The DPIU & Executive Engineer, Panchayat {R. & B.} Division, Palanpur, Dist. Banaskantha Phone No. {02742} 257197 on behalf of Governor of Gujarat invites the item rate online bids for **Construction Of Box Culvert At Various Location under P.M.G.S.Y.-III in Banaskantha District {Year 2023-24}** from the eligible and approved Contractors registered in **Special Category : 2 and 3 {Bridge} & above** as per on line E-Tendering The Details Notice of which could be seen & Download from **Dt.08/08/2024** on website https://pmgsytendersguj.gov.in /nicgep/app For Further particulars contact above stated office during office hours.

| | |
|---|---|
| Tender Document Downloaded From | 08-08-2024 |
| Last Date & Time of Online Submission of Tender | 28-08-2024 18:00 Hrs. |
| Date, Time & Place of Pre Bid Conference in the office of the **Superintending Engineer, Panchayat R. & B. Circle, Patnagar Yojana Bhanvan Section-16, Gandhinagar.** | 24-08-2024 |
| Online Opening of Technical Bid | 29-08-2024 |

| Sr. No. | Package No. | Est. Cost {Rs. In Lacs} Cons. | Est. Cost {Rs. In Lacs} Main. | Tender Fee | Categary |
|---|---|---|---|---|---|
| 1 | GJ-0412-P3-BR03 {2023-24} Ta.Dhanera (Fifth Try) | 636.92 | 12.74 | 12000/- | Sp.Category II Bridge and Above |

The tender document for these work are available only in website https://pmgsytendersguj.gov.in /nicgep/app Other Details can be seen on Notice board of R. & B. (p.)Division Office Palanpur

**(No. DDI/PAL/260/2024-2025)**

**ધ નેશનલ લો ટ્રીબ્યુનલ સમક્ષ**
**બેન્ચ-II, અમદાવાદ**
ફોર્મ નં.-CAA,2
(સેકશન ૨૩૦(૩) અને રુલ ૬ અને ૭ અન્વયે)
કંપની અરજી નં. CA(CAA)/26(AHM)2024
કંપની એક્ટ, ૨૦૧૩ ના સેકશન ૨૩૦ થી ૨૩૨ અને અન્ય લાગુ પડવા યોગ્ય પ્રોવિઝન
(કોમ્પ્રોમાઈસીસ, એરેન્જમેન્ટ અને એમાલ્ગેમેશન) રુલ્સ ૨૦૧૬ બાબતે
અને
કંપોઝીટ સ્કીમ ઓફ એરેજમેન્ટ અંતર્ગત

૧) શ્રી ભગવતી ફલોર મીલ્સ પ્રા. લી. — અરજદાર કંપની-૧/ ટ્રાન્સફરર કંપની
સીધ્ધેશ્વરી એસ્ટેટ, એમટીએસ બસસ્ટેન્ડ નજીક, નરોડા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૩૨૫. CIN:U15310GJ1992PTC017267

૨) શ્રી ભગવતી ફલોર એન્ડ ફુડ્સ પ્રા. લી. — અરજદાર કંપની-૨/ ટ્રાન્સફરી કંપની/ ડીમર્જડ કંપની
સર્વે નં. ૪૩૦, મૌરૈયા, બાવલા-સરખેજ રોડ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૧. CIN: U15319GJ1994PTC021888

૩) ચલો સોલ ફુડ્સ પ્રા. લી. — અરજદાર કંપની-૩/ રીઝલ્ટીંગ કંપની
૩, પરિસીમા IFC ભવન સામે, વૈશાલી કોમ્પ્લેક્ષ, એલીસબ્રીજ અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬. CIN: U15400GJ2022PTC132962

**અરજદાર કંપની ૨ ના અનસીક્યોર્ડ લેણદારોની ઓયોજીત મીટીંગ ની નોટીસ એને નોટીસની જાહેરાત**

આથી માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ અમદાવાદ બેન્ચ ના તા. ૩૦ જુલાઈ, ૨૦૨૪ ના જારી કરેલ હુકમ અન્વયે અરજદાર કંપની ૨ ના અનસીક્યોર્ડ લેણદારોની મીટીંગ પ્રસ્તાવિત કમ્પોઝીટ સ્કીમ ઓફ એરેન્જમેન્ટ, શ્રી ભગવતી ફલોર મીલ્સ પ્રા.લી., શ્રી ભગવતી ફલોર અને ફુડ્સ પ્રા. લી. અને ચલો સોલ ફુડ્સ પ્રા. લી. અને તેમના સંબંધિત શેરહોલ્ડર્સ બાબતે તેમની વિચારણા હેતુ અને કોઈ ફેરફાર વગર અથવા ફેરફાર સાથે મંજૂર કરવા.

ઉપરોક્ત હુકમ અન્વયે અને તેનાં નિર્દેશ અનુસાર એપ્લીકંટ કપની ૨ ના અનસીક્યોર્ડ લેણદારીની મીટીંગ ૧૦ સમ્પ્ટેમ્બર, ૨૦૨૪ ને મંગળવાર ના રોજ બપોર ૧૨.૦૦ કલાકે સર્વે નં. ૪૩૦, મૌરૈયા, બાવલા-સરખેજ હાઈવે, ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩ ગુજરાત ખાતે રાખેલ છે. અનસીક્યોર્ડ લેણદારોને ઉપરોક્ત સ્થળે અને સમયે હાજર રહેવા વિનંતી.

કંપની એક્ટ ૨૦૧૩, સેકશન ૨૩૦ અન્વયે સ્કીમની કોપી, નોટીસ અને વિવરણાત્મક નિવેદન અરજદાર કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ પર નિઃશુલ્ક ઉપલબ્ધ છે તથા અરજદાર કંપની ૨ ની વેબસાઈટ www.bhagwatiexports.com. પર ઉપલબ્ધ છે. જે વ્યક્તિ ઉપરોક્ત મીટીંગમાં હાજર રહેવા અને વોટ કરવા હકદાર છે તે સ્વયં અથવા પ્રતિનિધિ દ્વારા વોટ કરી શકે. પ્રતિનિધિ દ્વારા વોટીંગ માટે ના નિર્ધારિત ફોર્મ મીટીંગ ના ૪૮ કલાક પહેલા અરજદાર કંપની ૨ ની રજીસ્ટર્ડ ઓફીસ માં જમા કરાવવા.

પ્રતિનિધિ માટેના નિર્ધારિત ફોર્મ અરજદાર કંપની ૨ ની રજીસ્ટર્ડ ઓફીસ પર નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

ટ્રીબ્યુનલે તેમના તા. ૩૦ જુલાઈ, ૨૦૨૪ ના હુકમ અન્વયે શ્રી મુકેશ એમ. ખાંડવાલા (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, મેમ્બરશીપ નં. 032472) અને તેમની અનઉપસ્થિતી મા શ્રી સમસાદ આલમ ખાન (કંપની સેક્રેટરી, મેમ્બરશીપ નં. A28719) ને મીટીંગના અધ્યક્ષ નિયુક્ત કરેલ છે.

ટ્રીબ્યુનલે શ્રી પાર્થ પંડ્યા, કંપની સેક્રેટરી (મેમ્બરશીપ નં. A44807) ની વોટીંગ પ્રક્રિયા ન્યાયી અને પારદર્શક રીતે કરાવવા તપાર્સકર્તા તરીકે નિમણુંક કરેલ છે.

ઉપરાક્ત સ્કીમ મીટીંગ માં મંજૂર થયે, માનનીય નેશલન કંપની લો ટ્રીબ્યુનલ ની મંજૂરી આધારિત રહેશે.

Sd/-
તારીખઃ ૫ ઓગષ્ટ, ૨૦૨૪ — શ્રી મુકેશ એમ. ખાંડવાલા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
સ્થળઃ અમદાવાદ. — ટ્રીબ્યુનલ નિયુક્ત મીટીંગ અધ્યક્ષ

## બિન-બાસમતી ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી શકે છે

# આગામી દિવસોમાં ખેડૂતોને તેમના પાક માટે સારા ભાવ મળે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૭

મોંઘવારી પર અંકુશ મેળવવા માટે ભારત સરકારે લાંબા સમયથી બિન-બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. પરંતુ આ વર્ષે સારા વરસાદને જોતા સરકાર આ પ્રતિબંધ હટાવે તેવી આશા રાખી શકાય. આ સાથે ડાંગરના ખેડૂતોને પણ સારા ભાવ મળવાની આશા છે. દેશમાં ડાંગરના નીચા ઉત્પાદન અને અનાજના ભાવને અંકુશમાં લેવા માટે ભારત સરકારે ગયા વર્ષે બિન-બાસમતી ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધની અસર દુબઈ, કુવૈત અને અન્ય ખાડી દેશો તેમજ અમેરિકામાં જોવા મળી હતી. પરંતુ હવે સરકાર ટૂંક સમયમાં આ પ્રતિબંધ હટાવી શકે છે, જેનાથી આગામી દિવસોમાં ખેડૂતોને તેમના પાક માટે સારા ભાવ પણ મળી શકે છે. ભારતમાં આ વર્ષે પૂરતો વરસાદ થયો છે. જેના કારણે ડાંગરની સારી ઉપજની અપેક્ષા છે. બીજી તરફ સરકાર પાસે પણ ચોખાનો પૂરતો બફર સ્ટોક છે. તેનાથી દેશમાં ચોખાની અછત સંબંધિત ચિંતાઓ દૂર થઈ ગઈ છે. આવી સ્થિતિમાં સરકાર પ્રતિબંધ હટાવે તે જરૂરી છે.નીતિ આયોગના સભ્ય રમેશ ચંદનું કહેવું છે કે બફર સ્ટોકની સ્થિતિ સારી છે. પૂરતા વરસાદને કારણે ડાંગરનો પાક સારો થવાની ધારણા છે.